For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

નાસ્તો આપી માતા ઘરમાં પાણી લેવા ગઈ ને કાળ તૂટી પડ્યો

સેવાસીમાં કાળજું કંપાવતી દુર્ઘટના: ઘરની દીવાલ ધસી પડતાં 7 વર્ષની માસૂમ દિવ્યાનું કરૂણ મોત

કાટમાળ નીચે દબાયેલી માતા હોસ્પિટલમાં જિંદગી સામે ઝઝૂમી રહી છે, દીકરીના મોતથી અજાણ

(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરાના સેવાસી વિસ્તારમાં આજે એક અત્યંત દુઃખદ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. સેવાસીની ખોડિયાર તળાવડી સોસાયટીમાં આવેલા એક મકાનની દીવાલ અચાનક ધરાશાયી થતાં સાત વર્ષની માસૂમ બાળકીનું કરૂણ મોત નીપજ્યું છે, જ્યારે બાળકીને બચાવવા દોડી ગયેલી તેની માતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ છે. આ ગમખ્વાર ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં શોક અને અરેરાટીનો માહોલ છવાઈ ગયો છે.

મળતી માહિતી મુજબ, સેવાસી ખોડિયાર તળાવડી વિસ્તારમાં રહેતા અલ્પેશભાઈ રાઠવાની સાત વર્ષની દીકરી દિવ્યા રાઠવા ઘરની બહાર રમી રહી હતી. દરમિયાન તેની માતા કામ પરથી પરત ફરી હતી અને દીકરી માટે નાસ્તો લઈને આવી હતી. માતાએ દિવ્યાને નાસ્તો કરવા માટે બોલાવી અને પોતે ઘરમાંથી પાણી લેવા માટે અંદર ગઈ હતી. પાણી લઈને પરત ફરતી વખતે તે દરવાજો બંધ કરવા ગઈ ત્યારે અચાનક ઘરની દીવાલ ધડાકાભેર તૂટી પડી હતી. દીવાલ સીધી બહાર ઉભેલી દિવ્યા પર પડતાં બાળકી કાટમાળ નીચે દબાઈ ગઈ હતી.

દીકરીને બચાવવા દોડી ગયેલી માતા પણ દીવાલના કાટમાળ નીચે ફસાઈ જતાં ગંભીર રીતે ઘાયલ થઈ હતી. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા અને ભારે જહેમત બાદ બંનેને કાટમાળમાંથી બહાર કાઢી સારવાર માટે ગોત્રીની જી.એમ.ઈ.આર.એસ. હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. જોકે હોસ્પિટલમાં ફરજ પરના તબીબોએ તપાસ કર્યા બાદ સાત વર્ષની દિવ્યાને મૃત જાહેર કરી હતી. જ્યારે તેની માતાની હાલત ગંભીર હોવાથી હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવી છે.

પરિવારના સંબંધી હંસાબેન વસાવાએ જણાવ્યું હતું કે, અકસ્માત સમયે બાળકીના પિતા ઘરે હાજર નહોતા અને માતાની સ્થિતિ હાલમાં અત્યંત નાજુક છે. માતા હજુ આઘાતમાં હોવાથી તેને દીકરીના મોત અંગે જાણ પણ કરવામાં આવી નથી. આ ગરીબ શ્રમિક પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડતાં સ્થાનિકો અને પરિવારજનોએ સરકાર પાસે યોગ્ય આર્થિક સહાયની માંગ કરી છે. બનાવ અંગે સ્થાનિક પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કોન્ટ્રાક્ટર ગોવિંદ અને અમર ગ્રુપ સામે આક્રોશ, સેફ્ટીના નિયમોના ધજાગરા

હરણી અમરદીપ ઈન્ફીનિટીના પાંચમા માળેથી પટકાતાં 18 વર્ષના રાજસ્થાની શ્રમિકનું મોત

સેફ્ટીના સાધનો વિના કામ કરાવાતું હોવાનો સાથી કામદારોનો આક્ષેપ, બિલ્ડર અને કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી કરવા પરિવારની માંગ

(પ્રતિનિધિ), વડોદરા. તા.23

હરણી વિસ્તારમાં નિર્માણાધીન હાઈરાઈઝ બિલ્ડિંગના પાંચમા માળેથી નીચે પટકાતાં 18 વર્ષીય શ્રમિક યુવકનું કરુણ મોત નીપજ્યું છે. ઘટનાને પગલે શ્રમિકોમાં રોષનો માહોલ ફેલાયો છે અને કોન્ટ્રાક્ટર સામે બેદરકારીના આક્ષેપો ઉઠ્યા છે.

હરણી વિસ્તારમાં 'અમરદીપ ઈન્ફીનિટી' નામની હાઈરાઈઝ બિલ્ડિંગનું બાંધકામ ચાલી રહ્યું છે. શનિવારે બિલ્ડિંગના પાંચમા માળે મટીરીયલ ચઢાવવાની કામગીરી દરમિયાન ત્યાં કામ કરી રહેલા 18 વર્ષીય વિક્રમનો અચાનક પગ લપસ્યો હતો. કોઈપણ સેફ્ટી સાધનો વગર કામ કરી રહેલો વિક્રમ સીધો જમીન પર પટકાતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. ઘટનાના પગલે સાઈટ પર દોડધામ મચી ગઈ હતી. સાથી શ્રમિકો અને સુપરવાઈઝરોએ તાત્કાલિક વિક્રમને નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. ત્યારબાદ વધુ સારવાર માટે તેને સયાજી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો હતો. જોકે ફરજ પરના તબીબોએ ટૂંકી સારવાર બાદ તેને મૃત જાહેર કર્યો હતો. ડૉક્ટરોના જણાવ્યા મુજબ, ઊંચાઈ પરથી પડવાને કારણે માથા અને શરીરના અંદરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. મૃતક વિક્રમ મૂળ રાજસ્થાનના જાલોર જિલ્લાના ગોલાસણ ગામનો રહેવાસી હતો અને રોજીરોટી કમાવવા વડોદરા આવ્યો હતો. ઘટનાના પગલે સાથી શ્રમિકોએ કોન્ટ્રાક્ટર ગોવિંદ સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. શ્રમિકોના જણાવ્યા મુજબ, સાઈટ પર હેલ્મેટ, સેફ્ટી બેલ્ટ અને સુરક્ષા જાળી જેવી મૂળભૂત સુરક્ષા ઉપલબ્ધ નહોતી. પરિવારજનોએ બિલ્ડર અને કોન્ટ્રાક્ટરની બેદરકારી ગણાવી કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. સ્થાનિક પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

હાઈવે પર ખાણી-પીણીના નામે ગ્રાહકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પરના જગદીશ ફરસાણમાં સડેલા બટાકાના સમોસા પીરસાતા ગ્રાહકોનો ભારે હોબાળો

વારંવાર વાસી ખોરાક વેચાતો હોવાના આક્ષેપ સાથે વિડીયો વાયરલ

10-15 દિવસ જૂનો માલ ગરમ કરીને પધરાવી દેવાતો હોવાનો ગંભીર આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા તા.23

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર આવેલા ફૂડ કોર્ટમાં જાણીતી 'જગદીશ ફરસાણ' દુકાનમાંથી સડેલા સમોસા વેચાતા હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. એક ગ્રાહકે ખરીદેલા સમોસામાંથી દુર્ગંધ મારતા અને કાળા પડી ગયેલા બટાકાનો માવો નીકળતા ભારે રોષ ફેલાયો હતો. સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં મુસાફરો અને ખાણી-પીણીના શોખીનોમાં નારાજગી જોવા મળી રહી છે.

મળતી માહિતી મુજબ, હાઈવે પરથી પસાર થઈ રહેલા કેટલાક મુસાફરો નાસ્તા માટે જગદીશ ફરસાણ ખાતે રોકાયા હતા. દરમિયાન ગ્રાહકે સમોસું તોડતા અંદરથી સડેલો માવો નીકળ્યો હતો. આ જોઈ ગ્રાહકે તાત્કાલિક સ્ટાફને બોલાવી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. ગ્રાહકે સવાલ કર્યો હતો કે, "આવો સડેલો ખોરાક ખાઈ કોઈ બીમાર પડે તો જવાબદારી કોણ લેશે?" ઘટનાને પગલે ગ્રાહક અને સ્ટાફ વચ્ચે બોલાચાલી પણ થઈ હતી.

સ્થાનિકો અને ગ્રાહકોના જણાવ્યા મુજબ, આ દુકાનમાં અગાઉ પણ ગુણવત્તા અંગે ફરિયાદો ઉઠી ચૂકી છે. આક્ષેપ છે કે વેચાયા વગરનો વાસી માલ ફ્રિજમાં સંગ્રહ કરીને દિવસો બાદ ફરી ગરમ કરી ગ્રાહકોને પીરસવામાં આવે છે. અંદાજે 10થી 15 દિવસ જૂનો ખોરાક તાજા નામે વેચાતો હોવાના આક્ષેપો થતાં લોકોમાં આરોગ્યને લઈને ચિંતા વધી છે.

આ ઘટનાને પગલે હવે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની કામગીરી સામે પણ સવાલો ઊભા થયા છે. હાઈવે પર મોટી સંખ્યામાં મુસાફરો આવતા હોવા છતાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અંગે પૂરતી ચકાસણી કેમ થતી નથી તે મુદ્દે લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોએ આરોગ્ય વિભાગ દ્વારા તાત્કાલિક તપાસ હાથ ધરી દુકાન સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

કલાલીની ફોનિક્સ સ્કૂલ વેકેશનમાં ચાલુ રાખતાં ડીઈઓની ટીમ આવતા પહેલા જ માર્યા તાળા

સંચાલકોમાં ફફડાટ, કાર્યવાહીથી બચવા સ્કૂલ બંધ રખાતા ટીમનો ફોગટ ફેરો,હવે નોટિસ ફટકારાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.23

વડોદરાના કલાલી વિસ્તારમાં આવેલી ફોનિક્સ સ્કૂલ ઉનાળુ વેકેશન દરમિયાન ચાલુ રાખવામાં આવી હોવાના આક્ષેપોને પગલે જિલ્લા શિક્ષણ અધિકારી (ડીઈઓ) કચેરીની ટીમ તપાસ માટે સ્કૂલ ખાતે પહોંચી હતી. જોકે, કાર્યવાહી અંગે અગાઉથી જ જાણ થઈ જતા સ્કૂલ સંચાલકોએ શનિવારે સ્કૂલ બંધ રાખી હતી. જેના કારણે ડીઈઓની ટીમને ખાલી હાથે પરત ફરવું પડ્યું હતું.

શિક્ષણ બોર્ડ દ્વારા તમામ શાળાઓ માટે 35 દિવસનું ઉનાળુ વેકેશન ફરજિયાત જાહેર કરવામાં આવ્યું છે અને તેનો કડક અમલ કરવા પરિપત્ર પણ બહાર પાડવામાં આવ્યો હતો. તેમ છતાં કલાલીની ફોનિક્સ સ્કૂલમાં વર્ગો ચાલુ રાખવામાં આવતા વાલીઓ અને સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો હતો. સ્કૂલ ચાલુ હોવાનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો, જેના કારણે સમગ્ર મામલો ચર્ચામાં આવ્યો હતો.

વાલીઓએ આક્ષેપ કર્યો હતો કે સ્કૂલ સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓને પણ સ્કૂલ ચાલુ હોવાની વાત બહાર ન આવે તે માટે ખોટું બોલવાની સૂચના આપવામાં આવી હતી. સરકારી નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થતું હોવાના આક્ષેપો વચ્ચે ખાનગી સ્કૂલ સંચાલકોમાં પણ ફફડાટ ફેલાયો છે. મામલો ગંભીર બનતા જિલ્લા શિક્ષણ અધિકારી મહેશ પાંડે એક્શનમાં આવ્યા હતા અને ટીમને સ્કૂલ ખાતે મોકલી તપાસ અને જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી. જોકે ટીમ પહોંચે તે પહેલાં જ સ્કૂલ બંધ કરી દેવામાં આવતા કાર્યવાહી થઈ શકી નહોતી.

જિલ્લા શિક્ષણ અધિકારી મહેશ પાંડેએ જણાવ્યું હતું કે, સરકારના નિયમોનું પાલન ન કરનાર કોઈપણ સ્કૂલને બક્ષવામાં આવશે નહીં. ફોનિક્સ સ્કૂલ સામે શિક્ષાત્મક કાર્યવાહી રૂપે નોટિસ ફટકારવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કાર્યવાહી અંગે અગાઉથી જાણ થતાં જ સ્કૂલ સંચાલકોએ સ્કૂલ બંધ રાખી હતી. હાલમાં સમગ્ર મામલે શિક્ષણ વિભાગ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

GTUની 28મેએ લેવાનારી પરીક્ષા બકરી ઈદના કારણે સ્થગિત

(પ્રતિનિધિ) વડોદરા,તા.23

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) દ્વારા આગામી 28 મેના રોજ યોજાનારી પરીક્ષા સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બકરી ઈદના તહેવારને ધ્યાનમાં રાખીને પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો હોવાનું યુનિવર્સિટીએ જાહેર કર્યું છે. અગાઉ રાજ્ય સરકારે 27 મેના રોજ ઈદ ઉલ અઝહાની જાહેર રજા જાહેર કરી હતી, પરંતુ બાદમાં તેમાં સુધારો કરીને રજા 28 મેના રોજ જાહેર કરવામાં આવી છે. જેના પરિણામે જીટીયુએ પણ 28 મેના રોજ યોજાનારી પરીક્ષા મુલતવી રાખી છે. પરીક્ષાની નવી તારીખ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે અને યુનિવર્સિટીની સત્તાવાર વેબસાઈટ પર નવો પરિપત્ર પ્રસિદ્ધ કરાશે. વિદ્યાર્થીઓને નવી તારીખ અંગે નિયમિત રીતે જીટીયુની અધિકૃત વેબસાઈટ ચકાસતા રહેવા સૂચના આપવામાં આવી છે. રાજ્યના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આ ફેરફાર અંગે સત્તાવાર નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે.

છાણી GSFC બ્રિજ પાસે મોપેડમાં લઈ જવાતા ગૌમાંસ સાથે દંપતી ઝડપાયું

છાણી પોલીસે 37.650 કિલો ગૌમાંસ, ટુ-વ્હીલર સહિત રૂ.30 હજારથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરા શહેરના છાણી વિસ્તારમાં ગૌમાંસની હેરાફેરી કરતા દંપતીને પોલીસ દ્વારા પ્રાણીન ફાઉન્ડેશનના પ્રમુખ સહિતના કાર્યકરોની મદદથી રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યુ છે. જીએસએફસી બ્રિજ પાસે મહિન્દ્રા શો-રૂમ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસે મોપેડની તપાસ કરતાં તેમાંમાંથી 37.650 કિલો શંકાસ્પદ માંસ મળી આવ્યું હતું. બાદમાં FSL રિપોર્ટમાં તે ગૌવંશનું માંસ હોવાનું બહાર આવતા બંને આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

પાલેજ તરફથી દંપતી મોપેડ પર શંકાસ્પદ ગૌમાસનો જથ્થો લઈને તા.22 મેના રોજ વડોદરા તરફ આવી રહ્યું છે જેથી પ્રાણી ફાઉન્ડેશનના કાર્યકરોએ તેમનો પીછો કર્યો હતો. ફાઉન્ડેશનના પ્રમુખ નેહાબેન પટેલ દ્વારા કંટ્રોલ રૂમમાંથી માહિતી અપાઈ હતી કે એક વ્યક્તિ મોપેડ પર ગૌમાંસ લઈને જઈ રહ્યો છે. માહિતીના આધારે છાણી પોલીસ તથા ગોરવા પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી.

પોલીસે જીએસએફસી બ્રિજ પાસે શંકાસ્પદ ટુ-વ્હીલરને રોકી તપાસ કરતાં ગાડીની ડીકી તથા આગળના ભાગમાં પ્લાસ્ટિકની થેલીમાંથી માંસનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે બંને શખ્સોને ઝડપી છાણી પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવ્યા હતા. પૂછપરછ દરમિયાન આરોપીએ પોતાનું નામ ઈસુબ ગુલાબ કુરેશી (રહે. નવાયાર્ડ રસુલજીની ચાલ, ફતેગંજ)હોવાનું જણાવ્યું હતું. તેમની સાથે તેમની પત્ની મુમતાઝબેન પણ હાજર હતી.

પોલીસે વેટરનરી ડોક્ટરની હાજરીમાં માંસના સેમ્પલ લઈ સુરત FSL લેબોરેટરી ખાતે પરીક્ષણ માટે મોકલ્યા હતા. મળેલા રિપોર્ટમાં સેમ્પલ ગૌવંશનું માંસ હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ પોલીસે 37.650 કિલો ગૌમાંસ, રૂ.10 હજાર તથા ટુ-વ્હીલર મોપેડ રૂ.20 હજાર મળી રૂ.30 હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ મામલે છાણી પોલીસે આરોપી ઈસુબભાઈ કુરેશી તથા તેમની પત્ની મુમતાઝબેન વિરુદ્ધ ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ 2011 તથા સુધારા-2017ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

25-26 મેની SBIની હડતાળ ટળી, તમામ શાખાઓ ધમધમશે

મેનેજમેન્ટ અને કર્મચારી સંગઠન વચ્ચેની વાટાઘાટો સફળ, યુનિયને આંદોલન સમેટી લેતા બેંકિંગ સેવાઓ ખોરવાતા બચી

(પ્રતિનિધિ) વડોદરા, તા.23

દેશની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ)ના કરોડો ગ્રાહકો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. ઓલ ઈન્ડિયા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સ્ટાફ ફેડરેશન દ્વારા આગામી 25 અને 26 મેના રોજ જાહેર કરાયેલી બે દિવસીય દેશવ્યાપી હડતાળ સત્તાવાર રીતે મોકૂફ રાખવામાં આવી છે. બેંક મેનેજમેન્ટ અને યુનિયન વચ્ચે થયેલી સફળ વાટાઘાટો બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

એસબીઆઈ દ્વારા જાહેર કરાયેલી સત્તાવાર એડવાઈઝરી મુજબ, દેશભરની તમામ શાખાઓ, એટીએમ અને બેંકિંગ સેવાઓ રાબેતા મુજબ કાર્યરત રહેશે. ગ્રાહકોને રોકડ ઉપાડ, ચેક ક્લિયરિંગ, લોન અને અન્ય નિયમિત સેવાઓમાં કોઈ અવરોધ નહીં આવે. સ્ટાફ ફેડરેશન દ્વારા બેંકમાં કર્મચારીઓની અછત, આઉટસોર્સિંગ, નવી ભરતી, પેન્શન સુવિધા અને બદલીના નિયમોમાં રાહત સહિત 16 મુદ્દાઓને લઈને હડતાળની જાહેરાત કરવામાં આવી હતી. યુનિયને આક્ષેપ કર્યો હતો કે બેંકનો બિઝનેસ સતત વધી રહ્યો છે, જ્યારે તેની સરખામણીએ સ્ટાફની સંખ્યા ઘટી રહી છે. જેના કારણે કર્મચારીઓ પર કામનું તેમજ માનસિક દબાણ વધી રહ્યું છે.

ફેડરેશને શાખાઓમાં સુરક્ષા ગાર્ડ્સની અછત અને વેતન અસમાનતા જેવા મુદ્દાઓ પણ ઉઠાવ્યા હતા. હડતાળને કારણે ગ્રાહકોને હાલાકી ન પડે તે માટે બંને પક્ષો વચ્ચે મેરેથોન બેઠક યોજાઈ હતી. ચર્ચામાં હકારાત્મક ઉકેલ આવતા આખરે હડતાળ પરત ખેંચવામાં આવી છે. પરિણામે દેશના કરોડો ગ્રાહકોના નાણાકીય વ્યવહારો અટવાતા બચી ગયા છે.

12,053 અરજીઓમાંથી 4347 બેઠક સામે પ્રક્રિયા પૂર્ણ

RTEમાં પ્રથમ રાઉન્ડ બાદ 4105ને પ્રવેશ 227 બેઠક પર બીજો રાઉન્ડ શરૂ થશે

તા.25 મીથી બીજા રાઉન્ડની કાર્યવાહી શરૂ કરાશે અને 28મી મેના રોજ બીજા રાઉન્ડના પ્રવેશ ફાળવાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.23

રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત પ્રવેશ લેવા માટેના પ્રથમ રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી છે. પ્રથમ રાઉન્ડમાં 4105 વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવી દેવામાં આવ્યો છે. જ્યારે હજુ પણ 227 બેઠકો ખાલી પડી છે. જેની માટે હવે બીજો રાઉન્ડ શરૂ કરાશે.

વડોદરામાં કુલ 4347 બેઠકો સામે 12053 અરજીઓ આવી હતી. જેમાંથી 339 સ્કૂલોમાં આરટીઈ અંતર્ગત પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. 4105 વિદ્યાર્થીઓએ તેમના પ્રવેશ કન્ફર્મ કરાવ્યા હતા. પ્રવેશ મેળવનાર 15 વિદ્યાર્થીઓએ ફી ન ભરી હોવાનું જાણવા મળ્યું છે. જેથી 227 ખાલી પડેલી બેઠકોમાં આ બેઠકો ઉમેરાશે. 242 જેટલી જગ્યાઓ ખાલી પડેલી છે. જેનો બીજા રાઉન્ડમાં પ્રવેશ પ્રક્રિયા થશે. બીજો રાઉન્ડ 28 મેના રોજ યોજાશે.

સમયમર્યાદામાં જરૂરી દસ્તાવેજો સાથે સંબંધિત શાળામાં હાજર રહી એડમિશન પ્રક્રિયા પૂર્ણ કરવાની સૂચના આપવામાં આવી છે. જે વિદ્યાર્થીઓને પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ મળ્યો નથી તેવા વાલીઓને હવે બીજા રાઉન્ડની રાહ જોવી રહી છે. શિક્ષણ વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ, ખાલી રહેલી બેઠકો પર બીજા રાઉન્ડમાં ફરથી મેરિટ મુજબ ફાળવણી કરવામાં આવશે. પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓના વાલીઓને નિયત સમયમાં ફી ભરીને પ્રવેશ કન્ફર્મ કરવા સૂચના અપાઈ છે. નોંધનીય છે કે, પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી દ્વારા આરટીઈ બીજા રાઉન્ડનો સંભવિત કાર્યક્રમ જાહેર કરાયો છે. પ્રથમ રાઉન્ડના અંતે 9,770 ખાનગી સ્કૂલોમાં ખાલી પડેલી 11,044 બેઠકો માટે આગામી તા.25 મીથી બીજા રાઉન્ડની કાર્યવાહી શરૂ કરાશે. બીજા રાઉન્ડના એલોટમેન્ટ પહેલા વિદ્યાર્થીઓને સ્કૂલ પસંદગીની તક અપાશે. જેના માટે 25થી 27મી મે આ ત્રણ દિવસ ખાલી જગ્યાઓની પુનઃ પસંદગી કરી શકાશે. એ પછી 28મી મેના રોજ બીજા રાઉન્ડના પ્રવેશ ફાળવાશે. બીજા રાઉન્ડમાં જે વિદ્યાર્થીઓને સ્કૂલ ફાળવવામાં આવે તેઓએ તા.4 જૂન સુધીમાં પ્રવેશ મેળવી લેવાનો રહેશે.

પાંચેય હોદ્દેદારો પ્રથમ વખતના વિજેતા હોવાથી યુવા અને નૂતન નેતૃત્વનો ઉદય

વડોદરા જિલ્લા પંચાયતમાં 'મહિલાશક્તિ'નો ડંકો

પ્રમુખથી કારોબારી ચેરમેન સુધી મહિલાઓનો દબદબો, નવા અને યુવા નેતૃત્વનો ઉદય

વિજય મુહૂર્તમાં નવા પદાધિકારીઓએ સંભાળ્યો પદભાર,

(પ્રતિનિધિ) વડોદરા. તા.23

વડોદરા જિલ્લા પંચાયતમાં આજે મહિલા સશક્તિકરણનો એક ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ અધ્યાય લખાયો છે. ભારે રાજકીય ઉત્સાહ, શુભેચ્છાઓ અને મંગલધ્વનિ વચ્ચે જિલ્લા પંચાયતના નવનિયુક્ત પદાધિકારીઓએ વિધિવત રીતે કાર્યભાર સંભાળ્યો હતો. નવા બોર્ડની સૌથી વિશેષ બાબત એ રહી કે પ્રમુખથી લઈને કારોબારી ચેરમેન સુધીની ટોચની ત્રણ મહત્વપૂર્ણ જવાબદારીઓ મહિલાઓને સોંપવામાં આવી છે. જેના કારણે સમગ્ર જિલ્લામાં 'મહિલાશક્તિ'નો દબદબો જોવા મળી રહ્યો છે અને મહિલા નેતૃત્વને નવી દિશા મળી છે.

વડોદરા જિલ્લા પંચાયત ભવન ખાતે યોજાયેલા પદગ્રહણ સમારોહમાં રાજકીય અગ્રણીઓ, કાર્યકરો અને શુભેચ્છકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. હિન્દુ શાસ્ત્રોક્ત વિધિ અનુસાર તમામ પાંચેય પદાધિકારીઓએ 'વિજય મુહૂર્ત'માં મંત્રોચ્ચાર વચ્ચે પોતાના હોદ્દાનો ચાર્જ સંભાળ્યો હતો. પદભાર સંભાળ્યા બાદ તમામ અગ્રણીઓએ જિલ્લાના અંતરિયાળ ગામડાઓ સુધી વિકાસકાર્યોને વધુ ઝડપી અને અસરકારક રીતે પહોંચાડવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

જ્યોત્સનાબેન રબારી	કમલેશ પટેલ	કૈરવીબા વાઘેલા	રાકેશ ઠાકોર	મનીષા પરમાર
પ્રમુખ	**ઉપપ્રમુખ**	**કા.અધ્યક્ષ**	**સા.નેતા**	**દંડક**
પ્રથમ વખત ચૂંટાયેલા, મહિલા નેતૃત્વ	અનુભવી સંગઠનકર્તા અને યુવા ચહેરો	વહીવટી સૂઝબૂઝ ધરાવે છે	જનતા વચ્ચે મજબૂત પકડ ધરાવતા નેતા	પ્રથમ વખત ચૂંટાયેલા, મહિલા નેતૃત્વ

આ નવી ટીમ અંગે રાજકીય વર્તુળોમાં વિશેષ ચર્ચા ચાલી રહી છે, કારણ કે પાંચેય પદાધિકારીઓ પ્રથમ વખત જિલ્લા પંચાયતમાં ચૂંટાઈ આવ્યા છે. ભાજપ સંગઠન દ્વારા અનુભવી ચહેરાઓની જગ્યાએ નવા, યુવા અને ઉત્સાહી કાર્યકરોને તક આપવામાં આવતા કાર્યકરોમાં પણ નવી ઊર્જા અને ઉત્સાહનો માહોલ સર્જાયો છે. રાજકીય વિશ્લેષકો આ નિર્ણયને આગામી સમયના નેતૃત્વને તૈયાર કરવાની દિશામાં મહત્વપૂર્ણ ગણાવી રહ્યા છે.

આ પ્રસંગે વડોદરાના જિલ્લા કલેક્ટર અનિલ ધામેલીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે તમામ પદાધિકારીઓને પુષ્પગુચ્છ અર્પણ કરીને શુભેચ્છા પાઠવી હતી અને વહીવટી તંત્ર તથા ચૂંટાયેલા પ્રતિનિધિઓ વચ્ચે સુમેળ જળવાઈ રહે તેવી આશા વ્યક્ત કરી હતી.

નવનિયુક્ત પ્રમુખ જ્યોત્સનાબેન રબારીએ જણાવ્યું હતું કે, પક્ષે સામાન્ય કાર્યકરો પર વિશ્વાસ મૂક્યો છે તે બદલ અમે આભારી છીએ. જિલ્લાના દરેક ગામ સુધી આરોગ્ય, શિક્ષણ, રસ્તા અને મૂળભૂત સુવિધાઓ પહોંચે તે માટે પ્રાથમિકતા સાથે કામ કરવામાં આવશે.

કાર્યક્રમ દરમિયાન ભાજપના હોદ્દેદારો, ધારાસભ્યો, તાલુકા પંચાયતના પ્રતિનિધિઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર જિલ્લા પંચાયત ભવન "ભારત માતા કી જય"ના નારાઓથી ગુંજી ઉઠ્યું હતું.

ગોવાથી ગુજરાતમાં દારૂ સપ્લાયનો પર્દાફાશ, રૂ.1.06 કરોડના મુદ્દામાલ સાથે એક ઝડપાયો

ગોવાથી દારૂ ભરીને આવેલા કન્ટેનરને ગ્રામ્ય LCBએ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ પરથી ગોકુળપુરા પાસેથી પકડ્યું, રાજસ્થાનના ડ્રાઇવરની ધરપકડ

(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરા ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચે 'ઓપરેશન પરાક્રમ' હેઠળ ગોવાથી ગુજરાતમાં થતી દારૂની હેરાફેરીનો મોટો પર્દાફાશ કર્યો છે. દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર ગોકળપુરા ગામ નજીકથી પોલીસે બંધ બોડીના કન્ટેનરમાંથી રૂ.96.59 લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. દારૂનો જથ્થો, કન્ટેનર અને મોબાઈલ સહિત કુલ રૂ.1.06 કરોડથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી રાજસ્થાનના ડ્રાઈવરની ધરપકડ કરવામાં આવી છે.

એસ.પી. અગ્રવાલની સૂચના મુજબ જિલ્લામાં દારૂ અને અસામાજિક પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. દરમિયાન એલસીબીને બાતમી મળી હતી કે વિદેશી દારૂ ભરેલું કન્ટેનર ભરુચથી વાસદ તરફ જઈ રહ્યું છે. જેના આધારે પોલીસે એક્સપ્રેસ હાઈવે પર ગોકળપુરા ગામ નજીક નાકાબંધી ગોઠવી હતી. દરમિયાન શંકાસ્પદ કન્ટેનર આવતા તેને રોકી તપાસ હાથ ધરતા અંદરથી મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ડ્રાઈવર લખન મહિપાલ બિશ્નોઈ (રહે. જોધપુર, રાજસ્થાન) ની ધરપકડ કરી પૂછપરછ હાથ ધરી હતી. આરોપીએ જણાવ્યું હતું કે તેનો ઓળખીતો રાજુરામ બિશ્નોઈ તેને ગોવા બોલાવી લાવ્યો હતો, જ્યાં ધર્માભાઈ નામના વ્યક્તિએ મડકઈ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાંથી દારૂ ભરેલું કન્ટેનર સોંપ્યું હતું. હાલ પોલીસે દારૂ મંગાવનાર અને સપ્લાયરને વોન્ટેડ જાહેર કરી વડોદરા તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.